લાંબા વિરામ બાદ મેઘરાજાનું આગમન

ગિરીશ ભોયે

ડાંગ જિલ્લામાં ખેડૂતોને રાહત, સાપુતારાનું વાતાવરણ બન્યું આહલાદક બની ગયું

સાપુતારા : ડાંગ જિલ્લાનાં વિવિધ ગામોમાં લાંબા વિરામ બાદ બુધવારે છૂટાછવાયા વરસાદી ઝાપટા વરસતા સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ હતી. વરસાદનાં આગમનથી વાતાવરણમાં ફરી તાજગી છવાઈ ગઈ છે અને લોકોને ગરમીમાંથી રાહત મળી છે. એક સપ્તાહ અગાઉ જિલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો, જેના કારણે નદીઓ, નાળાઓ, વહેળાઓ અને કોતરડાં ફરી જીવંત બન્યા હતા. જોકે ત્યારબાદ વરસાદે અચાનક લાંબો વિરામ લેતા વરસાદ આધારિત ખેતી કરતા ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા હતા. હાલ જિલ્લામાં ડાંગરની રોપણીનો સમય ચાલી રહ્યો હોવાથી ખેડૂતો સારા વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. બુધવારે પડેલા વરસાદી ઝાપટાથી ખેડૂતોને થોડી રાહત મળી છે. જો કે, ખેતી માટે સતત અને સારો વરસાદ જરૂરી હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. બીજી તરફ, ગિરિમથક સાપુતારા, ડોન હિલ સ્ટેશન સહિત જિલ્લાના વિવિધ પ્રવાસન સ્થળોએ વરસાદી માહોલને કારણે વાતાવરણ આહલાદક બની ગયું છે. ચોમાસાની ઋતુમાં હરિયાળીથી છલકાતા ડાંગના કુદરતી સૌંદર્યનો આનંદ માણવા આવતા પ્રવાસીઓ માટે જિલ્લાનું નિસર્ગમય વાતાવરણ સ્વર્ગ સમાન અનુભવ કરાવી રહ્યું છે.

પારડીના માર્ગો પર પાણી ભરાયાં

ધોધમાર વરસાદથી લોકોને અસહ્ય ગરમી અને બફારાથી મોટી રાહત મળી

પારડી : પારડી શહેર અને તાલુકામાં લાંબા વિરામ બાદ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. અચાનક વાતાવરણમાં પલટો આવ્યો અને આકાશ કાળા દિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતું. આ ધોધમાર વરસાદથી લોકોને અસહ્ય ગરમી અને બફારાથી મોટી રાહત મળી છે.

પારડી પંથકમાં લાંબા સમયના વિરામ બાદ મેઘ મહેર જોવા મળી છે. કાળા ડિબાંગ વાદળો ઘેરાવાની સાથે મેઘરાજાએ ધમાકેદાર આગમન કરતા સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ છે. આ વરસાદ જગતના તાત માટે પણ આશીર્વાદ સમાન સાબિત થયો છે. લાંબા સમયથી વરસાદ ખેંચાતા ચિંતામાં મુકાયેલા ખેડૂતોના ચહેરા પર હવે ખુશીની લહેર જોવા મળી રહી છે. આ વરસાદથી પાકને નવું જીવનદાન મળશે. આ ધમાકેદાર વરસાદને કારણે પારડીમાંથી પસાર થતા નેશનલ હાઈવે સહિતના મુખ્ય માર્ગો પર પાણી ફરી વળ્યા હતાં.

અમૃત પટેલ

દમણમાં ઝમાઝમ વરસાદ વરસ્યો

દમણ : સંઘપ્રદેશ દમણમાં લાંબા વિરામ બાદ બુધવારના રોજ સવારે અચાનક વાતાવરણમાં પલટો આવ્યા બાદ ઝમાઝમ વરસાદી ઝાપટા વરસવા પામ્યા હતાં. અચાનક આવેલા વરસાદના કારણે ગરમી અને બફારાથી કંટાળેલા લોકોને આંશિક રાહત મળવા પામી હતી. થોડો સમય વરસેલા વરસાદના કારણે પ્રદેશના રસ્તા ભીના થઈ જવા પામ્યા હતાં. જો કે, બપોર બાદ વાતાવરણ ખૂલી જતાં ફરી લોકોએ ગરમી સહન કરવાનો વારો આવ્યો હતો. આ તરફ વરસાદે વિરામ લેવાના કારણે ઊભા પાક લીધેલા ખેડૂતોમાં વરસાદની ઘટને લઈ ચિંતા વ્યાપી જવા પામી છે. ત્યારે આગામી સમયમાં વરસાદી વાતાવરણ ફરી સક્રિય થાય તેવી આશા ખેડૂતો સેવી રહ્યા છે.

ખેરગામમાં વરસાદે પકડી ગતિ, ચીખલીમાં 11 મીમી વરસ્યો

ચોમાસાની અસમાન ચાલથી ખેડૂતોની નજર હવે આગામી સિસ્ટમ પર

નવસારી, ધેજ : નવસારી જિલ્લામાં ચોમાસું હજુ પણ અસમાન રીતે આગળ વધી રહ્યું હોવાનું બુધવારના વરસાદના આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે. જિલ્લામાં એક તરફ ખેરગામ તાલુકામાં સૌથી વધુ ૨૭ મીમી વરસાદ નોંધાયો, જ્યારે ચીખલીમાં ૧૧ મીમી અને ગણદેવીમાં માત્ર ૨ મીમી વરસાદ પડ્યો હતો. બીજી તરફ નવસારી, જલાલપોર અને વાંસદા તાલુકામાં નોંધપાત્ર વરસાદ ન થતા ચોમાસાની અસમાન અસર જોવા મળી હતી.

નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના અહેવાલ મુજબ, ચાલુ ચોમાસામાં જિલ્લામાં અત્યાર સુધી સરેરાશ ૮૧૨ મીમી વરસાદ નોંધાયો છે. જોકે તાલુકાવાર વરસાદમાં જોવા મળતી અસમાનતા કૃષિ ક્ષેત્ર માટે મહત્વનો મુદ્દો બની રહી છે. જ્યાં સારો વરસાદ થયો છે ત્યાં વાવેતર અને પાકના વિકાસને ગતિ મળી છે, જ્યારે ઓછો વરસાદ ધરાવતા વિસ્તારોમાં ખેડૂતો હજુ આગામી વરસાદની રાહ જોઈ રહ્યા છે. હવામાન નિષ્ણાતોના મત મુજબ આગામી દિવસોમાં સક્રિય વરસાદી સિસ્ટમ વિકસે તો જિલ્લામાં વરસાદનું પ્રમાણ વધી શકે છે. ખેડૂતો માટે આગામી થોડા દિવસો નિર્ણાયક બની શકે છે, કારણ કે વરસાદની સતત ઉપલબ્ધતા ખેતરમાં ઉભેલા પાકના વિકાસ અને કૃષિ આયોજન માટે મહત્વપૂર્ણ રહેશે. બીજી તરફ જિલ્લા વહીવટી તંત્ર પણ વરસાદી સ્થિતિ પર સતત નજર રાખી જરૂરી સાવચેતીના પગલાં લઈ રહ્યું છે. ચીખલી પંથકમાં ઘણા દિવસના વિરામ બાદ અસહ્ય ઉકળાટ ભર્યા વાતાવરણમાં બપોરના સમયે ૧૧ મીમી જેટલો વરસાદ વરસ્યો હતો. આજના વરસાદથી ડાંગર, સૂરણ, કંદ, હળદળ, શેરડી ઉપરાંત શાકભાજીના પાકોને મોટી રાહત થવા પામી હતી. આ સાથે તાલુકામાં સિઝનનો કુલ વરસાદ ૩૯.૧૬ ઇંચ જેટલો નોંધાયો હતો.

કાંગવઇમાં બે જળબિલાડીની ક્રૂર હત્યા કરવામાં આવી

વરસાદી પાણીમાં તણાઈ આવેલી દુર્લભ જળબિલાડીઓને ધોકા વડે ફટકારી હત્યા કરનારની ધરપકડ

ધેજ : નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના કાંગવઇ ગામે વન્યજીવ સંરક્ષણ ધારા હેઠળ સુરક્ષિત એવી બે જળબિલાડીઓની નિર્મમ હત્યા કરવાનો મામલો સામે આવ્યો છે. સોશિયલ મીડિયા પર ક્રૂરતાનો વીડિયો વાયરલ થતાં વન વિભાગે ત્વરિત એક્શન લઈ આરોપીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કાંગવઇ ગામના ગામતળ ફળિયામાં રહેતો ગુલાબ કાનજીભાઇ હળપતિ ગત ૪થી જુલાઇએ ભારે વરસાદ દરમિયાન નદી-કોતરમાં માછલી પકડવા ગયો હતો. આ સમયે પાણીના પ્રવાહમાં બે જળબિલાડી (સ્મૂથ-કોટેડ ઓટર) તણાઈ આવતા, ગુલાબે વાંસના ધોકા વડે તેમને બેરહેમીથી ફટકારી મોતને ઘાટ ઉતારી દીધી હતી. આ ક્રૂર કૃત્યનો વીડિયો વ્હોટ્સએપ ગ્રુપમાં વાયરલ થતાં જ વન વિભાગની ટીમ હરકતમાં આવી હતી. ટેકનિકલ સોર્સ અને સ્થાનિકોની મદદથી લોકેશન ટ્રેસ કરી વન વિભાગે આરોપી કાંગવઇ ગામના ગુલાબભાઇ કાનજીભાઇ હળપતિ (રહે.ગામતળ ફળીયું કાંગવઇ તા.ચીખલી જી.નવસારી) ની અટકાયત કરી લેવામાં આવી હતી.

નોંધનીય છે કે જળબિલાડી ભારતીય વન્યજીવ સંરક્ષણ અધિનિયમના શિડ્યુલ-૦૧માં આવતું દુર્લભ પ્રાણી છે, જેમાં શિકાર બદલ ૭ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. ચીખલી વન વિભાગે ગુનો નોંધી આરોપીને કોર્ટમાં રજૂ કરતા, અદાલતે જામીન ના-મંજૂર કરી તેને નવસારી સબજેલ હવાલે કર્યો છે.

નવસારીના હેડ પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

કલાકો સુધી સર્ચ ઓપરેશન, કંઈ ન મળતાં કામગીરી ફરી શરૂ

નવસારી : નવસારી હેડ પોસ્ટ ઓફિસને ઈ-મેઈલ મારફતે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા બુધવારે પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ હતી. ધમકીમાં હેડ પોસ્ટ ઓફિસ કેમ્પસમાં આવેલી પાસપોર્ટ સેવા કેન્દ્રને નિશાન બનાવવાનો ઉલ્લેખ હોવાથી સમગ્ર પરિસરમાં તાત્કાલિક સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

માહિતી મળતા જ પોલીસ, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS), ડોગ સ્ક્વોડ અને ફાયર વિભાગની ટીમોએ સમગ્ર કેમ્પસ ખાલી કરાવી બારીકાઈથી તપાસ કરી હતી. કલાકો સુધી ચાલેલા સર્ચ ઓપરેશન બાદ કોઈ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક સામગ્રી મળી ન આવતા પોસ્ટ વિભાગને ક્લિયરન્સ આપવામાં આવ્યું હતું અને કામગીરી ફરી શરૂ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ મહિનામાં નવસારી હેડ પોસ્ટ ઓફિસને બોમ્બની ધમકી મળવાની આ બીજી ઘટના છે. સતત બીજી વખત સમાન પ્રકારની ધમકી મળતા સુરક્ષા એજન્સીઓએ સાયબર એંગલથી તપાસ વધુ તેજ કરી છે. ધમકીભર્યો ઈ-મેઈલ ક્યાંથી મોકલાયો અને તેની પાછળ કોણ છે તે દિશામાં સાયબર ક્રાઈમ અને સ્થાનિક પોલીસ તપાસ ચલાવી રહી છે. હાલ તપાસ ચાલુ હોવાથી અધિકારીઓએ વધુ વિગતો જાહેર કરી નથી.

ગણદેવાના જુગારધામ પર રેડ, ૬ શખ્સ ઝડપાયા

કેરસી બારીયા

પોલીસે ૬ આરોપીને પકડી પાડી રૂપિયા ૧.૪૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

બીલીમોરા : ગણદેવી તાલુકાના ગણદેવા ગામે સ્મશાન ભૂમિ પાસે ચાલતા જુગારધામ ઉપર પોલીસે છાપો માર્યો હતો. જેમાં ૬ આરોપીઓ રંગેહાથ પકડી પાડી રૂપિયા ૧.૪૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે એકને વોન્ટેડ જાહેર કરાયો હતો.

ગણદેવી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે પૂર્વપટ્ટીનાં ગણદેવા ગામે સ્મશાન ભૂમિની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં કેટલાક યુવાનો ગોળ કુંડાળું વળી તીન પત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમી રહ્યા છે. પોલીસે સ્થળ પરથી કુલ ૬ જુગારીયા અક્ષયભાઈ બાલુભાઈ પટેલ (૩૨ રહે. રાનવેરીખુર્દ, પટેલ ફળીયું, તા. ચીખલી), અંકિતભાઈ સુરેશભાઈ પટેલ (૩૦ રહે. કાગવઈ, ઘંટી ફળીયા, તા. ચીખલી), દિનેશસિંગ કલ્લુસિંગ રાજપુત (૪૮ રહે. ખાપરીયા, વડ ફળીયા, તા. ગણદેવી), હિતેષભાઈ અરવિંદભાઈ પટેલ (૪૧) અનેરમેશભાઈ મણીલાલ પટેલ (૪૫ બંને રહે. સાંબાગામ, મેડીયા ફળીયા, તા. અંબિકા), રૂપેશકુમાર ધીરૂભાઈ પટેલ (૩૦ રહે. ખરવાણ ટેકરી ફળીયા, તા. મહુવા) ની અટકાયત કરી હતી. જ્યારે અક્ષયભાઈ રાજુભાઈ પટેલ (રહે. ગણદેવા, કેવડીયા ફળીયા, તા. ગણદેવી)ને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે રેડ દરમિયાન આરોપીઓની અંગ ઝડતીમાંથી રૂપિયા ૧૫,૨૧૦ અને દાવ પરથી રૂપિયા ૨,૫૪૦, મોબાઈલ ફોન નંગ ૬- રૂપિયા ૬૫ હજાર, મોટર સાયકલ ૦૨ કિંમત રૂપિયા ૬૦ હજાર મળી કુલ રૂપિયા ૧,૪૨,૭૬૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. ગણદેવી પોલીસ વધુ તપાસ કરી રહી છે.

સંક્ષિપ્ત સમાચાર

અમલસાડના ભાટના શ્રમજીવીનું શંકાસ્પદ મોત

બીલીમોરા : ગણદેવી દરીયાકાંઠાનાં ભાટ ગામે તળાવ ઉપર કામ કરતા ઝારખંડનાં યુવાન શ્રમજીવીનો બુધવારે ભેદી સંજોગોમાં મૃતદેહ મળતા ચકચાર મચી હતી. ધોલાઈ મરીન પોલીસે બીલીમોરા મેંગુર્શી હોસ્પિટલમાં પેનલ ડોક્ટરની ટીમ પાસે પોસ્ટમોર્ટમ કરાવી તપાસ હાથ ધરી હતી. ભાટ ગામે કૌશાંક ટંડેલનાં તળાવ ઉપર ઝારખંડનો નિમંત જેમ્સ તીર્કી (૨૪) કામ કરતો હતો. દરમ્યાન બુધવારે મધ્યરાત્રીનાં બે કલાકે તળાવનાં આઉટલેટ પાસે ગરનાળાનાં પાણીમાં નિમંત દેખાયો હતો. જે અંગે અન્ય શ્રમજીવી ધર્મેન્દ્રએ પોલીસને જાણ કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકનાં શરીર ઉપર ઉઝરડા ટાઈપનાં ઈજાના નિશાન મળી આવતા પોલીસે પેનલ તબીબો પાસે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. હાલ તો પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ ધોલાઈ મરીન પીઆઈ એમ ઝેડ પટેલ કરી રહ્યાં છે.

કપરાડાની સગીરા સાથે લગ્નની લાલચે દુષ્કર્મ

વલસાડ : કપરાડા તાલુકાના એક ગામમાં સગીરાને લગ્ન કરવાની લાલચ આપી ઘરેથી ભગાડી જઈ તેની સાથે દુષ્કર્મ કરવાની ફરિયાદ કપરાડા પોલીસમાં નોંધાઈ છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, કપરાડા પોલીસ મથકે તાલુકાના એક ગામમાં રહેતી માતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની સગીર વયની દીકરીને તેમના ગામનો યુવાન લગ્ન કરવાની લાલચ આપી ઘરેથી ભગાડી ગયો હતો. અને તેની સાથે અવાર નવાર શરીર સબંધ બાંધ્યા હતાં. પાંચેક મહિના અગાઉ પણ તે શાળામાંથી ઘરે આવી રહી હતી ત્યારે જંગલમાં લઈ જઈ લગ્ન કરવાનો હોવાનું જણાવી શરીર સબંધ બાંધ્યા હતાં. પોલીસે માતાની ફરિયાદ નોંધી યુવક સામે વિવિધ કલમો થકી ગુનો નોધી તપાસ હાથ ધરી હતી.

ઝરોલી માર્ગ ઉપર બાઈક અડફેટે યુવાનનું મોત

ઉમરગામ : ભીલાડ નજીક ઝરોલી માર્ગ ઉપર બાઈક અડફેટે એક યુવાનનુ કરુણ મોત નીપજવાનો બનાવ બન્યો છે. યુવાન ચાલતો જતો હતો ત્યારે બાઈકની ટક્કરથી ગંભીર ઇજા થઈ હતી અને મોત નિપજ્યુ હતુ. બનાવ અંગે પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ભીલાડ પોલીસ સ્ટેશનની હદમાં આવતા ઝરોલી ગામ કાપરીવાડ પી.એચ. હેલ્થ કેર પ્રા. લિમિટેડ કંપની સામે ઝરોલી રોડ ઉપર મંગળવારે 8:00 કલાકે એક બજાજ પલ્સર મોટરસાયકલ નંબર-15 ઇઆર 0347 ના ચાલક સુરજ જેઠીયા વલવી (રહે ગામ ઉપલાટ તલાસરી)એ પોતાની મો.સાયકલ પૂરઝડપે ચલાવી લાવી રોડની સાઈડમાં ચાલતા જતા યુવાન કલ્લી હરીરામ આહીવાર (રહે ઝરોલી)ને અડફેટે લઈ એક્સિડન્ટ કરી ગંભીર ઇજાઓ પહોંચાડી મોત નીપજાવ્યું હતું. આ બનાવની ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ ટીંકુ હરીરામ આહીવારે નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ડાંગ એસ.ઓ.જી.એ ચીકટીયાથી ગાંજા સાથે એકને ઝડપ્યો

ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ પોલીસ વડા પૂજા યાદવનાં માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પી.એસ.આઈ. એમ.જી.શેખની ટીમે બાતમીના આધારે આહવા તાલુકાના અંતરિયાળ ચીકટીયા ગામના પટેલ ફળિયામાંથી ગાંજો સાથે એક ઇસમને રંગેહાથ ઝડપી પાડ્યો છે. ગેરકાયદેસર રીતે માદક પદાર્થોનું સેવન, વાવેતર કે હેરાફેરી કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. જે અનુસંધાને એસ.ઓ.જી.ના પોલીસ સબ ઇન્સ્પેક્ટર એમ.જી. શેખની રાહબરી હેઠળની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પટેલ ફળિયામાં શંકાસ્પદ હાલતમાં ઉભેલા એક ઇસમની ઝડતી લેતા તેની પાસેથી વનસ્પતિજન્ય સૂકો ગાંજો ૦.૬૯૨ કિલોગ્રામ (કિંમત રૂપિયા ૩૪,૬૦૦), રોકડ રકમ એમ મળી મળી કુલ રૂપિયા ૩૪,૭૦૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે પકડાયેલા આરોપી વિકીભાઈ હરપતભાઈ પવાર (ઉ.વ. ૨૫, રહે. ચીકટીયા પટેલ ફળિયા, તા. આહવા) વિરૂદ્ધ વઘઈ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને આગળની વધુ તપાસ વઘઈ પોલીસ સ્ટેશનને સોંપી છે. આ ગુનામાં સંડોવાયેલો અન્ય આરોપી બચરમ ટેલર (રહે. સાલેર ગામ, મહારાષ્ટ્ર) ને હાલ વોન્ટેડ જાહેર કરી તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

નવસારીમાં 24 કલાકમાં અકસ્માતની બે ઘટનામાં યુવાન અને પ્રૌઢનું અવસાન

નવસારી: જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં બનેલી બે અલગ-અલગ ઘટનાઓમાં એક યુવાન અને એક પ્રૌઢનું અવસાન થયું છે. બંને બનાવોમાં પોલીસે અકસ્માત મોતની નોંધ કરી તપાસ શરૂ કરી છે. જલાલપોરમાં 24 વર્ષીય જયકુમાર કૈલાશભાઈ કાળોનું તેમના નિવાસસ્થાને અવસાન થયું હતું. જ્યારે નવસારી રૂરલ વિસ્તારમાં 50 વર્ષીય અક્ષયકુમાર આદિકાંત બડુ સાયકલ પરથી પડી જતાં ગંભીર ઇજા પહોંચતાં સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. જલાલપોર અને નવસારી રૂરલ પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

પૂણાગામ શાખા : જી–૧૫–૧૬ અને ૧૭, શુભ પ્લાઝા, મૈયાનગર, માધવદીપ રેસીડન્સી નજીક,પૂણાગામ, સુરત–૩૯૫૦૧૦. ફોન : ૦૨૬૧– ૨૮૫૧૮૧૧ email : dbpuna@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [(કલમ ૧૩(૪) સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ–૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૦ ના ૫૪) અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૫.૦૪.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ ગીરવેદાર **શ્રી સંજયકુમાર દિનેશકુમાર હરીયાણી (દેવાદાર અને ગીરવેદાર), શ્રીમતી કોમલબેન સંજયભાઈ હરીયાણી (સહદેવાદાર અને ગીરવેદાર)**, ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૦,૮૫,૭૨૪.૫૭/– (રૂપિયા દસ લાખ પંચ્યાસી હજાર સાતસો ચોવીસ અને સત્તાવન પૈસા પુરા) વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૧૪મી જુલાઈ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા**ની રકમ **રૂા.૧૦,૮૫,૭૨૪.૫૭/–** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ હક, હિત, સંબંધ ધરાવતી મિલકત કે જે એમ.ડી ઈન્ફ્રા ડેવલોપર્સ એક ભાગીદાર પેઢી દ્વારા બનાવવામાં આવેલ ઓમ ટાઈનશીપ વિભાગ–૩, ના પાસ થયેલ પ્લાન મુજબ બિલ્ડીંગ બી/૮ પૈકી, ૧લા માળનો ફલેટ નં.૧૦૪ અને સાઈટ મુજબ બિલ્ડીંગ–એ/૨, ૧લા માળનો ફલેટ નં. ૧૦૪ બિલ્ટઅપ એરીયા માપ આશરે ૫૬.૯૯ ચો.ફુટ એટલે ૫૨.૮૯ ચો.મીટર, રોડ અને સીઓપી ના વણવહેચાયેલ માપ ૩૬.૬૫ ચો.મીટર હિસ્સા સહિતનું બાંધકામની જમીન રેવન્યુ સર્વે નં.૧૭૬, બ્લોક નં.૧૭૭ ગામ. પાસોદરા, તા.કામરેજ, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** જોડેનો પેસેજ/દાદર, **પશ્ચિમ તરફ :** જોડેની સોસાયટી નો રોડ, **ઉત્તર તરફ :** જોડેની બિલ્ડીંગ, **દક્ષિણ તરફ :** જોડેનો ફલેટ નં.૧૦૩

તા. ૧૪.૦૭.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા, પૂણા શાખા.

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

કુડીયાણા શાખા : દરબાર ભવન, પારસીવાડ, તા. ઓલપાડ, જી.સુરત –૩૯૪૫૪૦ ફોન : ૮૯૮૦૦૨૬૬૫૦ email : kudiy@bankofbaroda.com

કબજા નોટીસ ધારા (૧૩(૪)(સ્થાયી મિલકત) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લેઈ તેમને મળેલ સત્તાની રૂએ **તા.૨૫.૦૬.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદાર/જામીનદાર શ્રી યોગેશ નારાયણ કોરટકર (દેવાદાર), અને અને શ્રીમતી પુષ્પાબેન નારાયણ કોરટકર (દેવાદાર) અને શ્રી રાજુ નારાયણ કોરટકર (દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૨૫,૦૨,૩૦૧.૧૮ (અંકે રૂા. પચ્ચીસ લાખ બે હજાર ત્રણસો એક અને અઢાર પૈસા પુરા) વત્તા વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) ધારા ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૨મી જુલાઈ સને ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા**ની રકમ **રૂા.૨૫,૦૨,૩૦૧.૧૮** વત્તા વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ હક, હિત, સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે સ્રહી મારવેલોસ વિલા નો પ્લોટ નં. ૨૨ માપ આશરે ૪૦.૧૯ ચો.મીટર રોડ– રસ્તા, સીઓપી અને કોમના વપરાશની જમીન માપ આશરે ૨૦.૮૫ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા સહિત બિન ખેતી જમીન નો સર્વે નં. ૪૭૮/૧ (૭/૧૨ મુજબ બ્લોક નં. ૪૬૨/એ) સીટી સર્વે ઓફિસ – ૩ સીટી સર્વે વોર્ડ બોર્ણદ (બિનખેતી), સીટી સર્વે નં. એનએ૪૬૨/એ મિલકતનો કાર્ડ નં. ૮, સીટ નં. એનએ ૯૯ માપ આશરે ૧૧૫૩.૩૩ ચો.મી પૈકી આ જમીન માપ આશરે ૬૯૧૯.૯૯ ચો.મીટર સુરત શહેરી વિકાસ સત્તામંડળમાં કાપવામાં આવી છે. ગામ. બોર્ણદ, સબ ડિસ્ટ્રીકટ ચોર્યાસી, જી.સુરત ખાતે શ્રી યોગેશ કોરટકર, શ્રીમતી પુષ્પાબેન કોરટકર અને શ્રી રાજુ એન કોરટકર ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **ઉત્તર તરફ :** જોડેનો પ્લોટ નં. ૨૩, **દક્ષિણ તરફ :** જોડેનો પ્લોટ નં. ૨૧, **પૂર્વ તરફ :** જોડેની જગ્યા, **પશ્ચિમ તરફ :** જોડેની સોસાયટી રોડ આવેલ છે.

તા. ૧૨.૦૭.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા, કુડીયાણા શાખા.

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

પૂણાગામ શાખા : જી–૧૫–૧૬ અને ૧૭, શુભ પ્લાઝા, મૈયાનગર, માધવદીપ રેસીડન્સી નજીક,પૂણાગામ, સુરત–૩૯૫૦